eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 202
October 30, 2008

## ઉધના ઝોન ખાતેગુજરાત રાજયની સ્થાપનાના સુવર્ણ જયંતિ પ્રસંગે" સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ"નું આગમન



ગુજરાત રાજયની સ્થાપનાના સુવર્ણ જયંતિ પ્રસંગે ગુજરાતની વિશ્વમાં શ્રેષ્ઠતમ સ્થાને પહોચાડવાના ભવ્ય સંકલ્પ સાથે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે અમરેલીથી તા. ૧/૦૫/૨૦૦૮ના રોજ " સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" નું પ્રસ્થાન કરાવવામા આવેલ. આ રથનું સુરત શહેરમાં ઉધના ઝોન વિસ્તારમાં ભેસ્તાન ચાર રસ્તા ખાતે તા. ૨૪/૧૦/૨૦૦૯ ના સવારે ૯:૩૦ કલાકે આગમન થયેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## લિંબાયત ઝોન ખાતે ગુજરાત રાજયની સ્થાપનાના સુવર્ણ જયંતિ પ્રસંગે "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" નું આગમન



ગુજરાત રાજયની સ્થાપનાના સુવર્ણ જયંતિ પ્રસંગે ગુજરાતની વિશ્વમાં શ્રેષ્ઠતમ સ્થાને પહોચાડવાના ભવ્ય સંકલ્પ સાથે માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ના વરદ હસ્તે અમરેલીથી તા. ૧/૦૫/૨૦૦૮ ના રોજ "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" નું પ્રસ્થાન કરાવવામા આવેલ. આ રથનું સુરત શહેરમાં લિંબાયત ઝોન વિસ્તારમાં ડીંડોલી ગામ,ઈશ્વરપુરા સ્કુલ પાસે,ડીંડોલી ખાતે તા. ૨૫/૧૦/૨૦૦૯ ના સવારે ૯:૩૦ કલાકે આગમન થયેલ.મંચસ્થ મહાનુભાવોએ સ્થાન ગ્રહણ કર્યા બાદ રથનુ સ્વાગત કરી મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામા આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## લિંબાયત ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ

સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસના પ્રકલ્પો પ્રજાને અર્પણ કરવાની શૃંખલામાં આજ રોજ લિંબાયત ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોનું આયોજન કરી લોકાર્પણ કરવામાં આવેલ છે. સ્વીમીંગ પુલ બનાવવાની ખાતમુહૂર્તવિધિ ઈન્ટરસીટી ટાઉનશીપની પાછળ, આંજણા ફાર્મ અને ટોરેન્ટ પાવર સબસ્ટેશની પાછળ,૫૬ એમ. એલ. ડી. ક્ષમતાના સુએઝ પંપીગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ,પૂણાગામ દાખલ થવાના રસ્તા ઉપર ડાબી બાજુ,પર્વત.ગાર્ડનની ઉદ્દ્ઘાટનવિધિ,સરિતા વિહાર સોસાયટીની પાસે, મગોબ, સુરત ખાતે, ૯ એમ. એલ. ડી. ક્ષમતાના સુએઝ પંપીગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ, જુના સરથાણા જકાતનાકાથી વ્રજચોક તરફ ખાડીના પુલ ખાતે વગેરે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં શહેર વિકાસ ખાતા /દબાણ ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાંસ્કૃતિક વિભાગની કામગીરી

સુરત મહાનગરપાલિકા ધ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૩૪ મી જન્મજયંતિ નિમિત્તે તા. ૩૧/૧૦/૨૦૦૯ને શનિવારના રોજ સવારે ૮:૦૦ કલાકે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે વંદનાનો કાર્યક્રમ રાખવામા આવ્યો છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઉધના ઝોન ખાતેગુજરાત રાજયની સ્થાપનાના સુવર્ણ જયંતિ પ્રસંગે" સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ"નું આગમન



ગુજરાત રાજયની સ્થાપનાના સુવર્ણ જયંતિ પ્રસંગે ગુજરાતની વિશ્વમાં શ્રેષ્ઠતમ સ્થાને પહોચાડવાના ભવ્ય સંકલ્પ સાથે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે અમરેલીથી તા. ૧/૦૫/૨૦૦૮ના રોજ " સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" નું પ્રસ્થાન કરાવવામા આવેલ. આ રથનું સુરત શહેરમાં ઉધના ઝોન વિસ્તારમાં ભેસ્તાન ચાર રસ્તા ખાતે તા. ૨૪/૧૦/૨૦૦૯ ના સવારે ૯:૩૦ કલાકે આગમન થયેલ. ઉપસ્થિત મહાનુભાવો ધ્વારા સરદાર પટેલની પ્રતિમાને સુતરની આંટી અપર્ણ કરી મહાનુભાવોએ મંચ પર પ્રસ્થાન કરેલ.



આ પ્રસંગે માનનીય કલેકટરશ્રી અને કમિશનરશ્રી દિલીપભાઈ રાવલે સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે ગુજરાત રાજયની સ્થાપનાને ૨૦૧૦માં ૫૦ વર્ષ પુર્ણ થતા ગુજરાતના વિકાસને અવિરતપણે આગળ ધપાવવાના ભાગરૂપે સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથનું આયોજન કરી પ્રજામા વિકાસની ભાવના તથા આ અંગેના પ્રયાસોની જાણકારી મળે અને પ્રજા આ પ્રયાસમા જોડાઈ તેવા સંકલ્પ સાથે આ જયોત રથ યાત્રાનું આયોજન કરવામા આવેલ છે. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામા આવેલ.

આ પ્રસંગે ઉપસ્થિત મા. મંત્રીશ્રી પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ, ગ્રામ વિકાસ, અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતો શ્રી નરોત્તમભાઈ પટેલ પ્રાંસગિક પ્રવચન કરતા જણાવ્યું હતું કે ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુર્ણ થવા જઈ રહયા છે ત્યારે તેની ઉજવણીના ભાગરૂપે સમગ્ર ગુજરાતની પ્રજાને રાજયના વિકાસની ઝાંખી થાય તથા ગુજરાત રાજય હજુ પણ વિકાસના દરેક ક્ષેત્રે આગળ વધે અને પ્રજા આ સ્વયંભૂ કાર્યમા પોતાના સંકલ્પ ધ્વારા જોડાય અને પરિણામે ગુજરાત રાજય સમગ્ર દેશમા પ્રથમ ક્રમાંકિત રાજય બને તેવો ઉદેશ તથા ધ્યેય માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનો છે. આ ધ્વારા ગરીબી નાબૂદી, શિક્ષણ,ઔદ્યોગિક ક્ષેત્રે અને પ્રાથમિક તેમજ અન્ય સગવડો જાહેર જનતાને મહતમ પ્રમાણમા મળે તેવો ઉમદા આશય રહેલો છે. સુરત મહાનગરપાલિકાની વિકાસના કામો પ્રત્યેની અવિરત દોડને બિરદાવી સમગ્ર રાજયને નગરપાલિકા અને મહાનગરપાલિકાઓના વિકાસ કાર્યો પ્રત્યે આગળ વધવા આહવાન કર્યુ હતું.

રાજયના તમામ શહેરો ગ્રામ્ય વિસ્તારમા પ્રાથમિક તેમજ અન્ય સવલતો પ્રાપ્ત થાય અને મહતમ કક્ષાએ લઈ જઈ નવા ગુજરાતનું સર્જન થાય તેવી લાગણી વ્યકત કરી હતી. સુરત મહાનગરપાલિકાના બીઆરટીએસ યોજના તથા અન્ય વિકાસના કામોની પ્રશંસા કરતા ઉધના વિસ્તારની બદલાયેલ સુરતની પ્રશંસા કરી હતી. આ કાર્યમા પ્રજા પણ જોડાશે તેવી લાગણી પણ વ્યકત કરી હતી.

Continue …

આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધન કરતા મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ જણાવ્યું હતું કે સુરત શહેર અવિરત પ્રગતિશીલ રહયું છે. શહેરને તમામ ક્ષેત્રે ઉંચાઈ પર લઈ જઈ પ્રજાના જીવનધોરણમા પણ સુધારો થાય તેવી લાગણી વ્યકત કરતા જણાવ્યું હતું કે આપણા સંકલ્પો ધ્વારા સામાજિક અને આર્થિક વિકાસની સાથે શહેરનો પણ વિકાસ શકય બનશે. સફાઈ તેમજ ભ્રૂણ હત્યા નાબૂદ થાય અને સ્ત્રી જાતિને ગૌરવ પ્રાપ્ત થાય તે માટે જાહેર જનતાનો સાથ સહકાર માંગી સંકલ્પ લેવા જણાવ્યું હતું. ત્યારબાદ મા.મંત્રીશ્રી પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ,ગ્રામ વિકાસ,અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતો શ્રી નરોત્તમભાઈ પટેલે સંકલ્પપત્રનું વાંચન કરી ઉપસ્થિત જાહેર જનતાને સંકલ્પ લેવડાવ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવો ધ્વારા રથના કળશની શાસ્ત્રોકત વિધિઅનુસાર પુજા કરાવી જયોત પ્રકાશિત કરવવામા આવી હતી. શાળાને બાળાઓ ધ્વારા ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' નું સ્વાગત કરાવ્યા બાદ રથનું પ્રસ્થાન કરાવવામા આવ્યું હતું.





''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' ભેસ્તાન ચાર રસ્તાથી દક્ષેશ્વર મહાદેવ મંદિર થઈ પિયુષ કોમ્પલેક્ષ, પિયુષ કોમ્પલેક્ષથી ગુજરાત હા. બોર્ડ. પાણીની ટાંકી, પાણીની ટાંકીથી દેવકી નંદન સ્કુલ, દેવકી નંદન સ્કુલથી બમરોલી રોડ થઈ પત્રકાર કોલોની ચાર રસ્તા, પત્રકાર કોલોની, આશાપુરી સોસાયટી–૧,૨,૩ થઈ હેગડેવાર પુલ થઈ સોસીયો સર્કલ, સોસીયો સર્કલથી ચોસઠ જોગાણી મંદિરથી ઝોન ઓફિસ, ઝોન ઓફિસથી ઉધના મેઈન રોડ થઈ એમ.જી.રોડ થઈ ઉધના રેલવે સ્ટેશન, ઉધના સ્ટેશનથી ઉધના ગામ ત્રણ રસ્તા થઈ ઉધના મેઈન રોડથી હરિનગર–૩, અંબિકાનગર સોસાયટી, અંબિકાનગર સોસાયટીથી ઉધના ઝોન ઓફિસ, સત્યનગર સામે, ઉધના ઝોન ઓફિસ ખાતે સમાપન. રૂટના તમામ સ્થળો મળી અંદાજે ૭૦૦૦ જેટલી જાહેરમેદની ઉપસ્થિત રહી રથનું સ્વાગત કર્યુ હતું. આ ઉપરાંત તેરાપંથ ભવન ખાતે યોજવામા આવેલ મફત રોગ નિદાન કેમ્પ અને આરોગ્ય વિષયક પ્રદર્શનનો લાભ અંદાજિત ૬૦૦ વ્યકિતઓએ લીધો હતો તેમજ સમુહ સફાઈ અભિયાન અંતર્ગત ઉધના ઝોન ઓફિસથી હરિનગર રોડ ખાતે મનપાના પદાધિકારીશ્રીઓ, મ્ય. સભ્યશ્રીઓ, આ વિસ્તારના નાગરિકોએ મોટી સંખ્યામા ભાગ લીધો હતો.

સાંજે ૭:૦૦ કલાકે ઉધના ઝોન વિસ્તારના તેરાપંથ ભવન ઉધના ઝોન ઓફિસની સામે મુખ્ય સમારોહનું આયોજન કરવામા આવેલ. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા મા.નેતાશ્રી શાસક પક્ષ શ્રી ભીમજીભાઈ પટેલે જણાવ્યું હતું કે ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' નું અગાઉ વરાછા તેમજ રાંદેર ઝોન ખાતે આગમન થયા બાદ આજ રોજ ઉધના ઝોન વિસ્તારમા વિવિધ સ્થળોએ રથનું આગમન થતા જાહેર જનતા હર્ષ અને ઉલ્લાસ અનુભવે છે. સુરત મહાનગરપાલિકાએ ૧૯૯૫ પછી અસંખ્ય વિકાસના કામો હાથ ધર્યા છે. આ કાર્યમા જાહેર જનતાનો ખુબ જ સહયોગ રહયો છે તે બદલ હર્ષ અને ઉલ્લાસની લાગણી વ્યકત કરી મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત કર્યુ હતું.

**Continue …**

ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યા બાદ સાંસ્કૃતિક વિભાગ ધ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાના પ્રથમ ૧ થી ૩ ક્રમે આવેલ સ્પર્ધકોને મંચસ્થ મહાનુભાવો ધ્વારા પુરસ્કાર તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામા આવ્યા હતા.

અતિથિ વિશેષશ્રી મા.સાંસદ શ્રી સી.આર.પાટીલે પ્રવચન કરતા જણાવ્યું હતું કે ૧૯૬૦ ગુજરાત રાજયના સ્થાપના દિનથી આજપર્યંત ગુજરાત રાજય વિકાસ અને પ્રગતિ હરણફાળ ભરેલ છે. સને ૨૦૧૦ માં જયારે ૫૦ વર્ષ પુર્ણ થાય છે ત્યારે સમગ્ર ગુજરાતના નાગરિકોને જાગૃતિ આવે અને સમગ્ર પ્રજા વિકાસ યાત્રામા સામેલ થાય તેવો ઉમદા ધ્યેય માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રમોદીનો રહેલો છે. અન્ય રાજયોની સરખામણીએ ગુજરાત રાજયની સ્થિતિ ગૌરવપ્રદ છે. ગુજરાત રાજય વિકાસના ક્ષેત્રે અગ્રેસર રહયું છે. સુરત અને નવસારીના વિકાસ બદલ વિશેષ લાગણી વ્યકત કરી હતી. '' સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' ધ્વારા સંકલ્પ કરી આગળ વધવા અપીલ કરી હતી. મા. મુખ્યમંત્રીશ્રીના દીર્ઘદ્રષ્ટિવાળા કાર્યોના ફળ આપણને મળી ગયા છે.

મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા પ્રવચન કરતા જણાવ્યું હતું કે સુરત શહેરના લોકોએ ભૂતકાળમા આઝાદી પર્વની ઉમંગભેર ઉજવણી કરી હતી. સને ૨૦૧૦માં રાજયની સ્થાપનાને સુવર્ણ જયંતિ વર્ષ હોવાથી જાહેર જનતાને વિકાસની માહિતી મળે અને લોકોના સંકલ્પ ધ્વારા પ્રજાને ભાગીદાર બનાવી આ કાર્યક્રમ ફકત સરકારી કાર્યક્રમ ન બની રહે અને જાહેર જનતા આ સ્વયંભૂ આંદોલનમા ભાગ લઈ અને લોકજાગૃતિ આવે તેવો મા.મુખ્યમંત્રીશ્રીનો ઉદેશ રહેલો છે. જીવનમા નાના સંકલ્પ ધ્વારા પણ વ્યકિત,સમાજ અને રાજયનો અને આગળ વધી સમગ્ર દેશનો વિકાસ થઈ શકે. ઉદાહરણ તરીકે અઠવાડીયામા એક દિવસ સાયકલનો ઉપયોગ કરવાથી દેશને કરોડો રૂપિયાની બચત થઈ શકે. વ્યકિત સ્વયં સંકલ્પ કરી નિયમપાલન કરે તો મહતમ ફાયદો થાય. આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે વિકાસ થાય તેવા પગલા છેલ્લા ચાર વર્ષથી લઈ વિકાસની પ્રક્રિયા અગ્રેસર સ્થાને લઈ જવાનો મા.મુખ્યમંત્રીશ્રીનો ધ્યેય રહેલો છે. મા.મુખ્યમંત્રીશ્રીના સ્વપ્નને સાકાર કરવા પ્રજાને સાથ સહકાર આપવા આહવાન કર્યુ હતું. મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ સંકલ્પપત્રનું વાંચન કરી જાહેર જનતાને સંકલ્પ લેવડાવ્યા હતા.



આ કાર્યક્રમ બાદ જુદી જુદી સંસ્થા ધ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરવામા આવી હતી. જેને જાહેરજનતાએ માણી હતી. ત્યારબાદ તેરાપંથ ભવનથી ભવ્ય મશાલયાત્રા નીકળી ઝોન વિસ્તારમાં ફરી હતી અને આતશબાજી કાર્યક્રમ પણ જાહેરજનતાએ માણ્યો હતો.

સમગ્ર કાર્યક્રમમાં મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા.સાસંદશ્રી સી.આર.પાટીલ,મા. ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા,શાસકપક્ષના નેતા શ્રી ભીમજીભાઈ પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સદસ્યશ્રીઓ,કલેકટરશ્રી અને કમિશનરશ્રી દિલીપભાઈ રાવલ અને સરકારી તથા મ્યુ. અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ તથા વિશાળ સંખ્યામા જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

TOP

## લિંબાયત ઝોન ખાતે ગુજરાત રાજયની સ્થાપનાના સુવર્ણ જયંતિ પ્રસંગે "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" નું આગમન



ગુજરાત રાજયની સ્થાપનાના સુવર્ણ જયંતિ પ્રસંગે ગુજરાતની વિશ્વમાં શ્રેષ્ઠતમ સ્થાને પહોચાડવાના ભવ્ય સંકલ્પ સાથે માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ના વરદ હસ્તે અમરેલીથી તા. ૧/૦૫/૨૦૦૮ ના રોજ "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" નું પ્રસ્થાન કરાવવામા આવેલ. આ રથનું સુરત શહેરમાં લિંબાયત ઝોન વિસ્તારમાં ડીંડોલી ગામ,ઈશ્વરપુરા સ્કુલ પાસે,ડીંડોલી ખાતે તા. ૨૫/૧૦/૨૦૦૯ ના સવારે ૯:૩૦ કલાકે આગમન થયેલ.મંચસ્થ મહાનુભાવોએ સ્થાન ગ્રહણ કર્યા બાદ રથનુ સ્વાગત કરી મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામા આવેલ.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા મા. ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાકાવાલાએ જણાવ્યું હતું કે સુરત શહેર ખાતે" સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" ની પાંચમી વારનું આગમન થયું છે. મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના ઉદેશ તેમજ ધ્યેય અનુસાર ગુજરાત રાજય ઉપરોકત દરેક ક્ષેત્રમા પ્રગતિ કરે અને થયેલા વિકાસ કામોની ઝાંખી રાજયની પ્રજાને થાય અને પ્રજા પોતાના સંકલ્પ ધ્વારા આ ભગીરથ કાર્યમા જોડાઈ જેથી સુવર્ણ જયંતિ રથ સાર્થક બને અને પ્રજા વિકાસના કામોમાં સંકલ્પ ધ્વારા જોડાઈ તે માટે વિવિધ સંકલ્પો લેવા જણાવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મા.મંત્રીશ્રી પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ,ગ્રામ વિકાસ,અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતો શ્રી નરોત્તમભાઈ પટેલ પ્રાંસગિક પ્રવચન કરતા જણાવ્યું હતું કે "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" યાત્રા સમગ્ર ગુજરાતમા ફરે છે. જેથી લોકોમાં વિકાસના કામો પ્રત્યે જાગૃતિ આવી છે. સંકલ્પો ધ્વારા શહેર, ગ્રામ્ય, રાજય અને દેશનો વિકાસ થાય અને ગુજરાત રાજય વિકાસના તમામ ક્ષેત્રે નં. ૧ નું સ્થાન લે તેવું ધ્યેય મા.મુખ્યમંત્રીશ્રીનું છે. આ માટે અવિરત કામ કરવા આ તમામને અપીલ કરી હતી. પ્રજાના આ ઉત્સાહને ઉત્સવમા ફેરવવા જણાવ્યું હતું. સુરત શહેરે અનેક આપતિઓનો સામનો કર્યો હતો. મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢી વિકાસ માટે અવિરત કાર્યો હાથ ધરી વિવિધ પ્રકલ્પો લોકાર્પણ કર્યા છે. અને ભવ્ય આયોજનો સાકાર કરવા પ્રજા સમક્ષ મુકયા છે. પ્રજાના નાનામા નાના સંકલ્પથી વિકાસના તેમજ વ્યકિતત્વ વિકાસ અને ચારિત્ર્યનું ઘડતર થઈ સમાજ તેમજ રાજય મજબૂત બનશે. સંકલ્પ થકી વિજળી,પાણી,સફાઈ,આરોગ્ય અને ગરીબી નાબુદી જેવા કામોમાં આપણે કંઈક અંશે સુધારો લાવી શકીશું. રાજય સરકાર આંગણવાડી,૧૦૮ એમ્બયુલન્સ સેવા અને શિક્ષણ તેમજ રોજગારીના કાર્યક્રમો ધ્વારા પ્રજાના કલ્યાણ માટે તત્પર છે.

આ પ્રસંગે ઉદઘાટન કરતા મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ જણાવ્યું હતું કે સુવર્ણ જયંતિ કાર્યક્રમ ફકત મીઠાઈ અને રોશની કરી પુર્ણ ન કરતા મા. મુખ્યમંત્રીશ્રી ના ધ્યેય અનુસાર વિવિધ સંકલ્પો ધ્વારા સામાજીક અને આર્થિક વિકાસની સાથે શહેર તેમજ રાજયનો વિકાસ કરવા સંકલ્પ લેવા અપીલ કરી હતી. નગરજનોએ સફાઈ પ્રત્યે સજાગ રહી આરોગ્ય સુધારણા કરશે. અને માનવી મુઠી ઉંચેરો માનવી બને તેવો સંકલ્પ મા.મુખ્યમંત્રીશ્રીનો છે. દરેક ઝોન વિસ્તારના વિકાસના કામો સમાન ધોરણે થાય છે તેની ખાતરી પ્રજાજનોને આપી કટિબધ્ધતા વ્યકત કરી હતી. આ પ્રસંગે સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસના કામોની ઝાંખી દર્શાવતું પ્રેઝન્ટેશનની રજુ કરવામા આવ્યું હતું.

Continue …

મા.સાસંદશ્રી સી.આર.પાટીલે સંકલ્પપત્રનું વાંચન કરી ઉપસ્થિત જાહેર જનતા સંકલ્પ લેવડાવ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવો ધ્વારા રથના કળશની શાસ્ત્રોકત વિધિઅનુસાર પુજા કરાવી જયોત પ્રકાશિત કરવવામા આવી હતી. શાળાને બાળાઓ ધ્વારા ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' નું સ્વાગત કરાવ્યા બાદ રથનું પ્રસ્થાન કરાવવામા આવ્યું હતું.



''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' ડીંડોલી ગામથી ગોડાદરા રેલ્વે ફાટક થઈ ગોડાદરા ચાર રસ્તા–ડીંડોલી ગામ વોર્ડ ઓફિસ,ગોડાદરા ચાર રસ્તા થઈ હેલ્થ સેન્ટર રોડ–નિલગીરી સર્કલ,નિલગીરી સર્કલથી લીંબાયત મેઈન રોડ થઈ લીંબાયત હેલ્થ સેન્ટર,મારૂતીનગર–સંજયનગર સર્કલ,મારૂતિ ચોકથી લીંબાયત મહાપ્રભુનગર ડેપો થઈ ગોડાદરા હનુમાન ચાર રસ્તા થઈ પરવટ ગામના ચોરા સુધી–પરવટ વોર્ડ ઓફિસ,પરવટ ગામ પરવટ બ્રિજ થઈ મોડેલ ટાઉનશીપ પાસેના આઈલેન્ડ ખાતે સમાપન. રૂટના તમામ સ્થળો મળી અંદાજે ૫૦૦૦ જેટલી જાહેરમેદની ઉપસ્થિત રહી રથનું સ્વાગત કર્યુ હતું. આ ઉપરાંત લિંબાયતહેલ્થ સેન્ટર મારૂતિનગર ખાતે યોજવામા આવેલ મફત રોગનિદાન કેમ્પ અને આરોગ્ય વિષયક પ્રદર્શનનો લાભ અંદાજિત ૨૫૦ વ્યકિતઓએ લીધો હતો તેમજ સમુહ સફાઈ અભિયાન અંતર્ગત લિંબાયત ઝોનમા આઈ માતા ચોકથી મહાપ્રભુનગર સુધી મનપાા પદાધિકારીશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ અને આ વિસ્તારના નાગરિકોએ મોટી સંખ્યામા ભાગ લીધો હતો. સાંજે ૭:૦૦ કલાકે લિંબાયતઝોન વિસ્તારના ડુંભાલ ફાયર સ્ટેશનની સામે મુખ્ય સમારોહનું આયોજન કરવામા આવેલ. આ પ્રસંગે દિપ પ્રાગ્ટય બાદ સ્વાગત પ્રવચન કરતા વોર્ડ સદસ્યશ્રી ગેમરભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે ગુજરાત રાજયની સ્થાપનાને સને ૨૦૧૦માં ૫૦ વર્ષ પુર્ણ થાય છે ત્યારે સુવર્ણ જયંતિ પ્રસંગે મા. મુખ્યમંત્રીશ્રીના સ્વપ્ન અને કલ્પના અનુસાર વિશ્વ અન દેશમા ગુજરાત સ્વર્ણિમ ગુજરાત તરીકે ઓળખાય અને ગુજરાત નિર્મળ,નિરોગી અને આધુનિક બને તે માટે કાર્ય કરવા '' સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ''નું આગમન શહેરના લિંબાયત ઝોનમા આગમન થયેલ છે. મા.મુખ્યમંત્રીશ્રી ના ધ્યેય અનુસાર ગોલ્ડન ગોલ સિધ્ધ કરવા મહાનગરપાલિકા પ્રયત્નશીલ છે. ત્યમરબાદ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામા આવ્યું. આ વિસ્તારના અગ્રણી કાર્યકરો ધ્વારા મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત કરવામા આવેલ.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલે સંબોધન કરતા જણાવ્યું હતું કે'' સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' યાત્રા વિવિધ તબકકામા કતારગામ,વરાછા,રાંદેર,ઉધના અને આજ રોજ લિંબાયત ઝોનમા આગમન થયું છે તેમણે મા.મુખ્યમંત્રીશ્રીના સ્વપ્ન પુર્ણ કરવા મહાનગરપાલિકાની કટિબધ્ધતા વ્યકત કરી હતી. ૧૯૯૫ પછી સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ પ્રકલ્પોું આયોજન પુર્ણ કરી લોકાર્પણ થયા છે. તથા ભાવિ આયોજનોમા સમગ્ર શહેરને ધ્યાનમા રાખી તમામ ઝોનનો વિકાસ કરી સુરતને ખુબસુરત બનાવવા આ કાર્યમા લોકભાગીદારીનું મહત્વ સમજાવ્યું હતું જેથી દરેક કાર્યો પ્રત્યે પોતાપણાની લાગણી ઉત્પન્ન થાય. સફાઈ અભિયાનમા પ્રજાના સાથ સહકાર સાથે જાગૃતિની પણ જરૂરર છે. જેથી સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી સંકલ્પ ધ્વારા સિધ્ધ કરી શકાય.

**Continue …**

સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી મુકેશ દલાલે પ્રાંસગિક પ્રવચન કરતા જણાવ્યું હતું કે સુવર્ણ જયંતિ ઉવજણી અંગે મા. મુખ્યમંત્રીશ્રીએ આજથી બે વર્ષ પહેલા આ અંગેની પરિકલ્પના કરી હતી જે મુજબ સંકલ્પો ધ્વારા વિકાસના કામો તથા ઉજવણી થાય તે સાર્થક ગણાશે. વધુમા જણાવ્યું હતું કે અનેક સંકલ્પો ધ્વારા આપણે વિકાસ સાધી શકીશું .નાના સંકલ્પો પુર્ણ થશે તો પણ નગર,રાજય અને દેશની સેવા ગણાશે. પાણી,વિજળી,સફાઈ અંગેના સંકલ્પો પર તેમણે ભાર મુકી પ્રજાની ભાગીદારી વાંછી હતી. સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજન કરવામા આવનાર ભાવી પ્રકલ્પો જેવા કે બીઆરટીએસ યોજના,કેનાલ પ્રોજેકટ,રસ્તા સુધારણા,આંજણા રેલ્વે બ્રીજ, વિવિધ ફલાયઓવર બ્રીજના કામો પરિપુર્ણ કરવા પ્રજાના સખકારની ખુબ જ જરૂર છે. આપણા નાના સંરલ્પો થકી સુરત મહાનગરપાલિકાના વિકાસમા પ્રજા નાનકડું પ્રદાન આપી ભાગીદારી દાખવશે તેજી આશા વ્યકત કરી હતી.

સમારંભના પ્રમુખશ્રી મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ જણાવ્યું હતું કે સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી વિશિષ્ટ રીતે ઉજવાઈ અને ગુજરાત રાજય દરેક ક્ષેત્રમા નંબર એક બને. મા.મુખ્યમંત્રીશ્રીની વિચારધારા અનુસાર સમગ્ર ગુજરાતની પ્રજા સમગ્ર ગુજરાતની પ્રજા આ ઉજવણીમા જોડાઈ અને લોકભાગીદારી ધ્વારા સુવર્ણ જયંતિ ધ્વારા તેવી ભાવના વ્યકત કરી હતી. ગુજરાતના ઈન્ફ્રાસ્ટ્રકચર તથા વિકાસના કામોને કારણે ભારત બહાર વસતો ગુજરાતી ગૌરવની લાગણી વ્યકિત કરે છે. લોકોએ ફરજ પ્રત્યે પણ સભાન રહેવું જોઈએ જેથી રસ્તા,પાણી,આરોગ્ય વગેરે સેવા બહેતર બનાવી શકાય. શાળા પ્રવેશ મહોત્સવના વિચાર તથા છણાવટ કરી શિક્ષણ ક્ષેત્રે સાક્ષરતાનો દર વધારવા મુખ્યમંત્રીશ્રીની કટિબધ્ધતા દર્શાવી હતી. નાના સંકલ્પો ધ્વારા વ્યકિત વિકાસ,ચારિત્ર્ય ઘડતર કરી પ્રજાના સાથ સહકારથી સામાજીક તેમજ વ્યકિતગત વિકાસ સાધી વિકાસની પ્રક્રિયામા ભાગીદારી કરી શકીશું. તમામ ઝોનને દરેક પ્રકારની સગવડો આપવાની કટિબધ્ધતા વ્યકત કરી હતી. ત્યારબાદ મા.મેયરશ્રી સંકલ્પપત્રનું વાંચન કરી જાહેર જનતાને સંકલ્પ લેવડાવ્યા હતા.




આ કાર્યક્રમ બાદ જુદી જુદી સંસ્થા ધ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરવામા આવી હતી. જેને જાહેરજનતાએ માણી હતી. ત્યારબાદ ભવ્ય મશાલયાત્રા અને આતશબાજી કાર્યક્રમ પણ જાહેરજનતાએ માણ્યો હતો.

સમગ્ર કાર્યક્રમમાં મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશ દલાલ,શાસકપક્ષના નેતા શ્રી ભીમજીભાઈ પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સદસ્યશ્રીઓ,કલેકટરશ્રી અને કમિશ્નરશ્રી દિલીપભાઈ રાવલ અને સરકારી તથા મ્યુ. અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ તથા વિશાળ સંખ્યામા જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

TOP

## લિંબાયત ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ

સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસના પ્રકલ્પો પ્રજાને અર્પણ કરવાની શૃંખલામાં આજ રોજ લિંબાયત ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોનું આયોજન કરી લોકાર્પણ કરવામાં આવેલ છે. સ્વીમીંગ પુલ બનાવવાની ખાતમુહૂર્તવિધિ ઈન્ટરસીટી ટાઉનશીપની પાછળ, આંજણા ફાર્મ અને ટોરેન્ટ પાવર સબસ્ટેશની પાછળ,૫૬ એમ. એલ. ડી. ક્ષમતાના સુએઝ પંપીગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ,પૂણાગામ દાખલ થવાના રસ્તા ઉપર ડાબી બાજુ,પર્વત.ગાર્ડનની ઉદ્‌ઘાટનવિધિ,સરિતા વિહાર સોસાયટીની પાસે, મગોબ, સુરત ખાતે, ૯ એમ. એલ. ડી. ક્ષમતાના સુએઝ પંપીગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ, જુના સરથાણા જકાતનાકાથી વ્રજચોક તરફ ખાડીના પુલ ખાતે વગેરે પ્રકલ્પોની ઉદ્‌ઘાટનવિધિ/ખાતમુહૂર્તવિધિ, તા.૨૬–૧૦–૨૦૦૯નાં રોજ મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખસ્થાને, તથા સ્થાયી સમિતિ ના અધ્યક્ષશ્રી મુકેશ દલાલ, શાસકપક્ષના નેતા ભીમજીભાઈ પટેલ, બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી દિપક આફ્રિકાવાલા, ગટરસમિતિના ઉપાધ્યાક્ષશ્રી વી.ડી.ઝાલાવાડીયા,ઉદ્યાનસમિતિના અધ્યક્ષશ્રી નયનાબેન નાયક વગેરેની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ હતી.

લિંબાયત ખાતે સ્વીમીંગ પુલ બનાવવાની ખાતમુહૂર્તવિધિ શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા, મા. અધ્યક્ષશ્રી, જાહેર બાંધકામ સમિતિના વરદ્‌હસ્તે સંપન્ન થઈ. જેનો અંદાજીત ખર્ચ રૂા.૨.૪૧ કરોડ, પ્લોટનું ક્ષેત્રફળ ૫૧૦૬ ચો.મીટર, ઓલોમ્પીક સાઈઝ, એડમીનીસ્ટ્રેટીવ બિલ્ડીંગ,બે કલોઝ શાવર રૂમ(ટોયલેટ બ્લોક સહિત),એક ઓપન શાવર રૂમ,બે ચેઈન્જ રૂમ/લોકર રૂમ, સ્ટોર રૂમ(ફસ્ટ ફલોર),ઓફિસ રૂમ,ફોયર,ફીલ્ટરેશન પ્લાન્ટ રૂમ, ઓપન શાવર સંખ્યા–૨૭ નંગ, તરણકુંડમાં લેઈનટ્રેકની સંખ્યા–૧૦ નંગ, તરણકુંડ માટેના સ્ટાર્ટર બ્લોક–૨૦ નંગનું આયોજન કરવામાં આવનાર છે.

પરવત પાટિયા,મગોબ ખાતે ૫૬ એમ. એલ.ડી. ક્ષમતાના સુએઝ પંપીગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ શ્રી વી.ડી.ઝાલાવાડીયા, મા. ઉપાધ્યક્ષશ્રી, ગટર સમિતિના વરદ્‌હસ્તે સંપન્ન થઈ. જેનો અંદાજીત ખર્ચ રૂા. ૫૮૪.૪૨ લાખ. મગોબ પંપીગ સ્ટેશન સાકાર થતા આ વિસ્તારની જનતાને ડ્રેનેજ અંગેની સુવિધા પ્રાપ્ત થશે. ૧૨ માસના ટુંકા સમયમા આ યોજના સાકારિત થશે.

સરિતા વિહાર સોસાયટીની પાસે, મગોબ, સુરત ખાતે ગાર્ડનની ઉદ્‌ઘાટનવિધિ શ્રીમતિ નયનાબેના નાયક, મા. અધ્યક્ષશ્રી, ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિના વરદ્‌હસ્તે સંપન્ન થઈ. જેનો અંદાજીત ખર્ચ રૂા.૫૬ લાખ ૧૪ હજાર, જેનો વિસ્તાર ૧૧૧૧૫.૦૦ ચો. મીટર, હયાત કંમ્પાઉન્ડ વોલ ૫૩૦.૦૦ ર.મી., જોગીંગ ટ્રેક ૩૯૦.૦૦ર.મી.,વોક–વે ૩૦૧.૦૦ ર.મી., વોટર હટ ૧૦.૫૦ ચો.મી., ગઝેબો (૨ નંગ) ૨૦.૦૦ ચો.મી.,પાર્કીંગ એરીયા ૯૦૦.૦૦ ચો.મી.,ફલાવર બેડ ૩૪૦.૦૦ ચો.મી., પ્લે એરીયા ૬૨૦.૦૦ ચો.મીટરનું આયોજન કરવામાં આવેલ છે. સદર પ્રકલ્પથી જાહેર જનતાના રીક્રીએશન તથા પર્યાવારણની જાળવણીનો હેતુ સિધ્ધ થશે.

જુના સરથાણા જકાતનાકાથી વ્રજચોક તરફ ખાડીના પુલ ખાતે ૯ એમ. એલ.ડી. ક્ષમતાના સુએઝ પંપીગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ શ્રી વી.ડી.ઝાલાવાડીયા, મા. ઉપાધ્યક્ષશ્રી, ગટર સમિતિના વરદ્‌હસ્તે સંપન્ન થઈ. જેનો અંદાજીત ખર્ચ રૂા. ૧૮૨.૨૪ લાખ. સરથાણા પંપીગ સ્ટેશન સાકાર થતા નવા પુર્વ વિસ્તારની જનતાને ડ્રેનેજ અંગેની સુવિધા પ્રાપ્ત થશે. ૧૨ માસના ટુંકા સમયમા આ યોજના સાકારિત થશે.

આ પ્રસંગે શ્રી મુકેશભાઈ દલાલ,મા. અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ,શ્રી ભીમજીભાઈ પટેલ, મા. નેતાશ્રી, શાસક પક્ષ તેમજ વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સદસ્યશ્રીઓ, મા. કમિશનર શ્રી એસ. અપર્ણા, અધિકારી/કર્મચારીગણ તેમજ વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

TOP

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં શહેર વિકાસ ખાતા /દબાણ ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

નોર્થઝોન (કતારગામા વિસ્તારમાં ડ્રા. ટી.પી. સ્કીમ નં. ૫૧ (ડભોલી) રે.સ. નં. ૧૩૬/એ, ૧૩૭/એ, ફા. પ્લોટ નં. ૧૬૬ માં પંચફળિયાની બાજુમાં આવેલ ગુરૂકૃપા હાઉસીંગ સોસાયટીનાં સબ પ્લોટ નં. ૧૦ માં ત્રીજા માળે આર.સી.સી. સ્લેબ ભરવાના ઈરાદે સેન્ટરીંગ /શટરીંગ કામ દૂર કરી, સેન્ટરીંગ /શટરીંગ સામાન જમાં લેવામાં આવેલ છે.

TOP

## સાંસ્કૃતિક વિભાગની કામગીરી

સુરત મહાનગરપાલિકા ધ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૩૪ મી જન્મજયંતિ નિમિત્તે તા. ૩૧/૧૦/૨૦૦૯ને શનિવારના રોજ સવારે ૮:૦૦ કલાકે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે વંદનાનો કાર્યક્રમ રાખવામા આવ્યો છે. આ કાર્યક્રમમાં સહભાગી થવા જાહેર જનતાને સુરત રેલ્વે સ્ટેશન સામે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે સમયસર ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

TOP